Seat No. : _______________

# NB-127

**December-2015**

## M.A., Sem.-III

## 501 : Gujarati

**(ગ્રંથકાર : પરિચય)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **બધા** જ પ્રશ્નો ફરજિયાત છે.
(2) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

1. નરસિંહ મહેતાના સાહિત્ય સર્જનને કેન્દ્રમાં રાખી નરસિંહ મહેતાને કવિ તરીકે મૂલવો. **14**

**અથવા**

નરસિંહ મહેતાને કવિ તરીકે ઘડનારાં પરિબળો વિશે વિગતે ચર્ચા કરો.

2. નરસિંહ મહેતાની આખ્યાન કલ્પકૃતિઓનો પરિચય કરાવી, તેના 'સુદામા ચરિત્ર' વિશે વિસ્તૃત નોંધ તૈયાર કરો. **14**

**અથવા**

નોંધ લખો : **(બંને)**
(1) બાળલીલાનાં પદ
(2) ચાતુરીઓ

3. નરસિંહ મહેતાની આત્મચરિત્રાત્મક કૃતિઓની વિશેષતાઓ જણાવો. **14**

**અથવા**

નરસિંહ મહેતાના શૃંગારનાં પદો વિશે ચર્ચા કરો.

4. નરસિંહ મહેતાના જ્ઞાન-ભક્તિનાં પદોમાં પ્રગટ થતું કાવ્યત્વની ચર્ચા કરો. **14**

**અથવા**

નોંધ લખો : **(બંને)**
(1) દાણલીલાનાં પદ
(2) વસંતનાં પદ

5. નીચેના પ્રશ્નોનાં જવાબ **એક** વાક્યમાં આપો : **14**

(1) ભક્તકવિ નરસિંહ મહેતા કયા યુગમાં થઈ ગયેલા કવિ છે ?
(a) મધ્યયુગ (b) પ્રાચીનયુગ
(c) અર્વાચીનયુગ (d) સાક્ષરયુગ

(2) નરસિંહ મહેતાનો સર્વમાન્ય સમય કયો તે જણાવો.
(a) 1415 થી 1485 (b) 1410 થી 1500
(c) 1414 થી 1480 (d) 1514 થી 1580

(3) પુત્ર વિવાહનાં પદની સંખ્યા જણાવો.
(a) 31 (b) 34
(c) 16 (d) 51

(4) કુંવરબાઈ સાથે નરસિંહનું સગપણ જણાવો.
(a) સસરા-વહુ (b) ભાઈ-બહેન
(c) પતિ-પત્ની (d) બાપ-દીકરી

(5) નીચેના પૈકી નરસિંહ મહેતાની કઈ કૃતિનું કર્તૃત્વ શંકાસ્પદ ગણાય છે ?
(a) ગોવિંદગમન (b) વાંસળીનાં પદ
(c) દાણલીલાનાં પદ (d) ચાતુરીઓ

(6) નીચેનામાંથી કયા પદમાં નરસિંહ મહેતાના વેવાઈનું નામ શ્રીરંગ મહેતા છે ?
(a) હારસમેનાં પદ (b) મામેરાનાં પદ
(c) પુત્ર વિવાહનાં પદ (d) હૂંડીનાં પદ

(7) ઝારીનાં પદમાં નરસિંહ મહેતાને કોણ પાણી પીવડાવે છે ?
(a) રતનબાઈ (b) માણેકબાઈ
(c) કુંવરબાઈ (d) મીરાંબાઈ

(8) ‘હરિ આવ્યા છે નારીના વેશે રે, એને કોઈ જુઓ રે;’ આ પંક્તિ કયા પદની છે ?
(a) પુત્ર વિવાહનાં પદ (b) હૂંડીનાં પદ
(c) હારસમેનાં પદ (d) ઝારીનાં પદ

(9) ‘‘સાંભળો, સ્વામી ! હું દીન વાણી કહું’ : કૃષ્ણે કારજ કીધાં છે કેનાં’, આ પંક્તિ કયા પદની છે તે જણાવો.
(a) મામેરાનાં પદ (b) પુત્ર વિવાહનાં પદ
(c) હૂંડીનાં પદ (d) હારસમેનાં પદ

(10) નીચેના પૈકી કઈ કૃતિ નરસિંહ મહેતાની આત્મચરિત્રાત્મક કૃતિ નથી ?
(a) પુત્ર વિવાહનાં પદ (b) મામેરાનાં પદ
(c) દાણલીલાનાં પદ (d) હૂંડીનાં પદ

(11) ‘ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહી રે;’ આ પંક્તિ કયા પદની છે તે જણાવો.
(a) વાંસળીનાં પદ (b) રાસનાં પદ
(c) શૃંગારનાં પદ (d) ભક્તિ જ્ઞાનનાં પદ

(12) ‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;’ આ પંક્તિ કયા પદની છે ?
(a) ભક્તિ જ્ઞાન-વૈરાગ્યનાં પદ (b) પુત્ર વિવાહનાં પદ
(c) ચાતુરીઓ (d) હૂંડીનાં પદ

(13) નરસિંહ મહેતાના પિતાનું નામ આપો.
(a) પર્વતદાસ (b) જીવણદાસ
(c) કૃષ્ણદાસ (d) વિષ્ણુદાસ

(14) હારસમેનાં પદની સંખ્યા જણાવો.
(a) 16 (b) 08
(c) 54 (d) 51